**<u>રેગ્યુલર દીવાની દરખાસ્ત નં. ૧૨૯/૨૦૨૩</u>**

## <u>ORDER BELOW EX- 1</u>

(૧) આજરોજ દરખાસ્તનુ રેકર્ડ વંચાણે લીધુ. આ કામે લાંબા સમયથી સામાવાળાની જંગમ મીલ્કત જપ્તી વોરંટની બજવણી માટે જંગમ મીલ્કત જપ્તી વોરંટ ઈસ્યુ કરવામા આવેલ છે. સદર દરખાસ્ત અન્વેની રકમ વસુલ લેવા માટે છે અને અગાઉ જપ્તી વોરન્ટ ઈસ્યુ કરવામા આવેલ છે પરંતુ સદર જપ્તી વોરંટ વગર બજે પરત આવેલ હોય, આમ સદર દરખાસ્ત છ મહીના કરતા પણ વધારે જુની હોવા છતા વાદી દવારા કોર્ટમા હાજર રહીને આગળની કોઈ કાર્યવાહી કરવામા આવેલ નથી. જેથી સદર દરખાસ્ત છ મહીના ઉપરાંત જુની હોવા છતા જંગમ મીલ્કત જપ્તી વોરંટની અમલ બજવણી કરેલી નથી તથા જપ્તી કરવાની જંગમ મિલ્કતની કોઈ માહીતી પુરી પાડેલ નથી. તેમજ નામ.સુપ્રીમ કોર્ટ દ્ધારા તેમના **Periyammal (Dead) Through Lrs Versus V.Rajamani** ના ચુકાદામા પેરા ન.૭૪, ૭૫ મા આપેલ આદેશ મુજબ," 74. The mandatory direction contained in Para 42.12 of Rahul S.Shah (supra) **requiring the execution proceedings to be completed within six months from the date of filing,** has been reiterated by this Court in its order in Bhoj Raj Garg vs. Goyal Education and Welfare Society & Ors., Special Leave Petition (C) Nos. 19654 of 2022. 75. In view of the aforesaid, we direct all the High Courts across the country to call for the necessary information from their respective district judiciary as regards pendency of the execution petitions. Once the data is collected by each of the High Courts, the High Courts shall thereafter proceed to issue an administrative order or circular, directing their respective

district judiciary to ensure that the **execution petitions pending in various courts shall be decided and disposed of within a period of six months without fail** otherwise the concerned presiding officer would be answerable to the High Court on its administrative side. Once the entire data along with the figures of pendency and disposal thereafter, is collected by all the High Courts, the same shall be forwarded to the Registry of this Court with individual reports.”. તેમજ નામ સુપ્રીમ કોર્ટ દ્વારા Rahul S. Shah v. Jinendra Kumar Gandhi ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ છે કે બજવણી અરજી છ મહીનામા ડીસાઈડ કરવી જોઈએ અને છ મહીનામા ડીસાઈડ ન થાય અને જો વાદી તરફે યોગ્ય કારણ રજુ કરવામા આવેલ હોય તો જ બજવણી માટે વધુ સમય લંબાવવો જોઈએ. આમ ઉપર ચર્ચા કર્યા મુજબ સદર દરખાસ્ત માત્ર દરખાસ્તદારની ગેરહાજરી તથા કસુરના કારણે અમલ બજવણી થઈ શકેલ નથી અને દરખાસ્તદાર દવારા દરખાસ્તની બજવણી સારૂ સમય લંબાવવા માટે કોઈ યોગ્ય અને ન્યાયીક કારણો આપેલ ન હોઈ જેથી અત્રેની દરખાસ્ત દરખાસ્તદારની કસુરના કારણે ફેંસલ (ડી.ડી.) કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**સ્થળ : ધ્રાંગધ્રા**
**તારીખ : ૧૦/૦૩/૨૦૨૬**

**(એ.એચ.દવે)**
**એડિશનલ સિનિયર સીવીલ જજ,**
**ધ્રાંગધ્રા.**
**JUDGE CODE GJ 01230**